# CGMS-25

કેટેગરી

**A**

કુલ સમય : 150 મિનિટ

કુલ ગુણ : 120

બેઠક નંબર : 7 1 4 2 2 1 6 7

| CGMS-G | પ્રશ્ન પુસ્તિકા નંબર QUESTION PAPER NO.

A 2307956

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં છે તે ચેક કરવું.

(1) ઘડિયાળ : સમય :: થર્મોમીટર : ..............

(A) ગરમી

(B) કિરણો

(C) તાપમાન

(D) હવામાન

(2) North : Delhi :: East : ........................

(A) Mumbai

(B) Ahmedabad

(C) Kolkata

(D) Chennai

(3) સોમનાથ : ગુજરાત : : મહાકાલેશ્વર :

(A) મહારાષ્ટ્ર

(B) મધ્યપ્રદેશ

(C) રાજસ્થાન

(D) ઉત્તરપ્રદેશ

(4) નીચે આપેલ સંખ્યા શ્રેણીમાં ખૂટતી સંખ્યા જણાવો.

32, 33, 35, 35, 38, 37, $\underline{x,}$ $\underline{y}$

(A) $x = 41, y = 39$

(B) $x = 39, y = 41$

(C) $x = 40, y = 40$

(D) $x = 41, y = 38$

(5) નીચે આપેલ શ્રેણીમાં કયું પદ આવશે ?

1, 1, 2, 3, 5, 8, ............ , 21

(A) 9

(B) 12

(C) 13

(D) 16

(6) નીચે આપેલ સરવાળામાં A ની કિંમત કેટલી થશે ?

$$\begin{array}{r} 5\ 2\ A \\ +\ 1\ A\ 4 \\ \hline 7\ 1\ 2 \end{array}$$

(A) 5

(B) 7

(C) 8

(D) 9

(7) નીચેના પૈકી કઈ સંખ્યા 9 વડે નિઃશેષ ભાગી શકાય ?

(A) 816981

(B) 189081

(C) 336781

(D) 562481

(8) 200 ના અડધાના 15% કેટલા થાય ?

(A) 10

(B) 15

(C) 30

(D) 45



Scanned with OKEN Scanner

(9) નીચેનામાંથી અલગ પડતો વિકલ્પ શોધો.

ડ્રમ, બ્યૂગલ, શરણાઈ, વાંસળી

(A) ડ્રમ
(B) બ્યૂગલ
(C) શરણાઈ
(D) વાંસળી

(10) નીચેના પૈકી કઈ જોડ ખોટી છે તે જણાવો.

(A) સાસણ - સાવજ
(B) કચ્છ - ઘુડખર
(C) ચરોતર - સારસ
(D) ડાંગ - રીંછ


(11) નીચેના પૈકી કઈ જોડ ખોટી છે તે જણાવો.

(A) INDIA - NEW DELHI
(B) RUSSIA - MOROCCO
(C) SRILANKA - COLOMBO
(D) ENGLAND - LONDON

(12) નીચેના પૈકી કઈ જોડ ખોટી છે તે જણાવો.


(A) કોણાર્ક મંદિર - મહારાષ્ટ્ર
(B) મીનાક્ષી મંદિર - તમિલનાડુ
(C) સુવર્ણ મંદિર - પંજાબ
(D) સૂર્ય મંદિર - ગુજરાત


(13) આ આકૃતિમાં કેટલા અર્ધવર્તુળ આવેલા છે ?





(A) 4
(B) 8
(C) 12
(D) 16


(14) નીચેની આકૃતિમાં આપેલ તરાહ આગળ વધારતાં કઈ આકૃતિ આવશે?





(A) 


(B) 


(C) 

(D) 

(15) નીચે આપેલ આકૃતિ તેની પાસે આપવામાં આવેલ અરિસામાં કેવી દેખાશે તે શોધો.

 અરિસો

(A) 

(B) 

(C) 

(D) 



Scanned with OKEN Scanner

(16) નીચેની આકૃતિ અરિસામાં કેવી દેખાશે તે જણાવો.





(A) 

(B) 

(C) 

(D) 

(17) કબડ્ડી રમતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે ?




(A) 6 (B) 9

(C) 10 (D) 12

(18) 17, 37, 77, 157, ................

(A) 347 (B) 317

(C) 217 (D) 417

(19) SCD, TEF, UGH, ...................... ?

(A) JIV (B) IJK

(C) VUK (D) VIJ




Scanned with OKEN Scanner

(20) સુચના : નીચેના સમીકરણો ખોટી ગાણિતીક સંજ્ઞાને કારણે ખોટા બન્યા છે. જવાબમાં આપેલ ગાણિતીક સંજ્ઞાનો યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચું સમીકરણ બનાવો.

$18 = 3 + 43 \times 11$

(A) × = +
(B) + = ÷
(C) − = +
(D) + − =

(21) $6 - 3 = 12 \div 6$

(A) × = +
(B) = + −
(C) − = +
(D) + = ÷

(22) અભ્યાસ : જ્ઞાન :: કામ : ................

(A) પ્રયોગ
(B) સેવા
(C) અનુભવ
(D) નિમણૂંક

(23) અમેરીકા : ડૉલર :: જાપાન : ..............

(A) ડૉલર
(B) યેન
(C) ટકા
(D) રુબલ

(24) પી.વી. સીંધુ : બેડમિન્ટન :: દિપક પુનીયા : ....................

(A) બોક્સીંગ
(B) રેસલિંગ
(C) ક્રિકેટ
(D) હૉકી

(25) શબ્દ 'ENCYCLOPEDIA' માંથી નીચેમાંથી કયો શબ્દ બનાવી શકાશે નહીં ?

(A) CYCLE
(B) PENCIL
(C) DIAL
(D) LOCK

(26) શબ્દ 'RATIONALISATION' પરથી કયો શબ્દ બનાવી શકાશે ?

(A) SENSATION
(B) ALTERATION
(C) TRANSITION
(D) INTERNAL

(27) કઈ સંખ્યા બાકીની સંખ્યાઓથી અલગ પડે છે ?

(A) 35
(B) 50
(C) 49
(D) 63

(28) શ્રેણીમાં પાંચમું પદ કયું આવશે ?

3F, 6G, 11I, 18L, ......................

(A) 27P
(B) 25N
(C) 29Q
(D) 21O



Scanned with OKEN Scanner

(29) નીચેની વિગતોને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવતા કયો વિકલ્પ આવશે ?

(a) કોલેજ (b) બાળક (c) પગાર (d) શાળા (e) રોજગારી

(A) a, b, d, c, e
(B) b, d, a, e, c
(C) d, a, c, e, b
(D) e, c, a, b, d

(30) દીપક એ અનિલનો ભાઈ છે. દીપક એ સુનિલનો પુત્ર છે. બિમલ એ સુનિલના પિતા છે. તો અનિલ અને બિમલ વચ્ચે શું સંબંધ ?

(A) પુત્ર - પિતા
(B) ભાઈ - ભાઈ
(C) પૌત્ર - દાદા
(D) દાદા - પુત્ર





(31) જો 9 + 7 = 58, 3 + 11 = 124 તો 13 + 5 ની કિંમત શું મળે ?

(A) 174
(B) 38
(C) 65
(D) 36


(32) જો ‘MANGO’ ને ‘KZLFM’ તરીકે લખીએ તો ‘APPLE’ નો કોડ શું મળે ?

(A) ZNNKD
(B) ZNNKC
(C) YNOKD
(D) YNNKD

(33) કઈ આકૃતિ અલગ પડે છે ?

(A) 
(B) 
(C) 
(D) 

(34) નીચેની આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?




(A) 9
(B) 11
(C) 12
(D) 10

(35) એક ચોક્કસ સાંકેતિક ભાષામાં ENTRY = 12345 અને STEADY = 931785 તો NEATNESS = ?

(A) 25196577 (B) 21732199

(C) 21362199 (D) 21823698

(36) નીચેની આકૃતિમાં ખૂટતી સંખ્યા શોધો.




(A) 68 (B) 72

(C) 70 (D) 66


(37) નીચેના શબ્દો માટે ડિક્ષનેરી મુજબ યોગ્ય ક્રમ દર્શાવતી શ્રેણી શોધો.


(1) Select (2) Seldom (3) Send (4) Selfish (5) Seller


(A) 1, 2, 4, 5, 3 (B) 2, 1, 5, 4, 3


(C) 2, 1, 4, 5, 3 (D) 2, 5, 4, 1, 3


(38) પ્રથમ બે આકૃતિઓ વચ્ચેના વિશેષ સંબંધને આધારે પછીની બે આકૃતિઓ પૈકી ચોથી આકૃતિ કઈ આવશે ?




(A) 

(B) 

(C) 

(D) 

(39) અલગ પડતું પ્રાણી કયું ?

(a) કાચબો

(b) વ્હેલ


(c) હાથી


(d) ખિસકોલી


(A) કાચબો | (B) ખિસકોલી


(C) હાથી | (D) વ્હેલ


(40) નીચે આપેલી આકૃતિમાંના ટુકડાઓને જોડવાથી બનતી આકૃતિ કઈ ?



(A) 

(B) 

(C) 

(D) 

(41) આ સૂક્ષ્મજીવ માત્ર યજમાન કોષમાં જ વિભાજન પામે છે.

(A) બેક્ટેરિયા | (B) ફૂગ

(C) પ્રજીવ | (D) વાઈરસ

(42) ફેક્ટરીના એક મશીનમાં આપેલ ચાર પૈકી કોઈપણ બળતણ વાપરી શકાય છે. ધારો કે, આ ચારેય બળતણની કિંમત એક સરખી જ છે, તો ફેક્ટરીના માલિકને કયું બળતણ વાપરવાનું ફાયદાકારક રહેશે ?

(A) LPG | (B) મિથેન

(C) CNG | (D) ડીઝલ

(43) તે થાઈરોઈડ ગ્રંથિને આદેશ આપતી ગ્રંથિ છે.

(A) એડ્રિનલ | (B) પિટ્યુટરી

(C) સ્વાદુપિંડ | (D) શુક્રપિંડ



Scanned with OKEN Scanner

(44) પદાર્થ પર લાગતા દબાણના સંદર્ભમાં શું સાચું છે ?

(A) જેમ પદાર્થની સપાટી પર લાગતું બળ ઓછું તેમ પદાર્થ પર લાગતું દબાણ વધુ

(B) જેમ પદાર્થની સપાટી પર લાગતું બળ વધુ તેમ પદાર્થ પર લાગતું દબાણ ઓછું

(C) જેમ પદાર્થની સપાટી વધુ તેમ તેના પર લાગતું દબાણ ઓછું

(D) જેમ પદાર્થની સપાટી વધુ તેમ તેના પર લાગતું દબાણ વધુ

(45) દોલન કરતો એક પદાર્થ 10 સેકન્ડમાં 10 દોલન કરે છે. આ પદાર્થના દોલનની આવૃત્તિ કેટલી છે ?

(A) $1H_Z$ (B) $10H_Z$

(C) $100H_Z$ (D) $1000H_Z$

(46) ઇલેક્ટ્રોસ્કોપ શા માટે વપરાય છે ?

(A) વિદ્યુતપ્રવાહ માપવા

(B) કોઈ પદાર્થને વીજભારિત કરવા

(C) કોઈ પદાર્થ વીજભારિત છે કે નહીં તે ચકાસવા

(D) મકાન પર પડતી વીજળીને જમીનમાં ઉતારવા

(47) પ્રકાશનું એક કિરણ સમતલ અરીસા પર $30^0$ નો આપાત કોણ રચે છે. આ કિસ્સામાં પરાવર્તન કોણ કેટલો હશે ?

(A) $15^0$ (B) $30^0$

(C) $45^0$ (D) $60^0$

(48) આ આવૃત્તિવાળો ધ્વનિ આપણે સાંભળી શકતાં નથી.

(A) $25,000H_Z$ (B) $20,000H_Z$

(C) $15,000H_Z$ (D) $10,000H_Z$

(49) કિશોરાવસ્થામાં સ્નાયુઓના યોગ્ય વિકાસ માટે આહારમાં શાનો સમાવેશ કરવો જરૂરી છે ?

(A) અનાજ (B) કઠોળ

(C) લીલા શાકભાજી (D) ફળ

(50) નીચે પૈકી કયું બળ સંપર્કબળ છે ?

(A) ઘર્ષણ બળ (B) ચુંબકીય બળ

(C) સ્થિતવિદ્યુત બળ (D) ગુરુત્વાકર્ષણ બળ

(51) કઈ ગ્રંથીની વધારે પડતી ક્રિયાશીલતાને કારણે ચહેરા ઉપર ખીલ થાય છે ?

(A) પિટ્યુટરી (B) થાઈરોઈડ

(C) પ્રસ્વેદ (D) શુક્રપિંડ



Scanned with OKEN Scanner

(52) પાણીમાં ડુબેલા ઇલેક્ટ્રોડ્સમાંથી વિદ્યુતપ્રવાહ પસાર કરતાં બેટરીના ધન છેડા સાથે જોડેલા ઇલેક્ટ્રોડ પાસે કયા વાયુના પરપોટા જોવા મળશે ?

(A) હાઇડ્રોજન
(B) કાર્બન ડાયોક્સાઇડ
(C) નાઇટ્રોજન
(D) ઑક્સિજન

(53) સામાન્ય રીતે બાથરૂમના નળ, સાઈકલના હેન્ડલ, પૈડાંઓની રીમ વગેરેને ચમકતા રાખવા માટે તેના ઉપર શેનું પ્લેટિંગ કરવામાં આવે છે ?

(A) ક્રોમિયમ
(B) લોખંડ
(C) કપૂર
(D) કોલસો

(54) અરીસામાં રચાતા પ્રતિબિંબિમાં ડાબો ભાગ જમણી બાજુ દેખાય છે, તે ઘટનાને શું કહે છે ?

(A) પાર્શ્વીય પરાવર્તન
(B) પાર્શ્વીય પરિવર્તન
(C) પાર્શ્વીય પરિભ્રમણ
(D) પાર્શ્વીય વ્યુત્ક્રમણ

(55) 'ઘઉંનો અંગારિયો' કયા સૂક્ષ્મજીવથી થાય છે ?

(A) બેક્ટેરિયા
(B) ફૂગ
(C) પ્રજીવ
(D) વાઈરસ

(56) પ્રવાસી પક્ષીઓ વર્ષના ચોક્કસ સમયગાળામાં દૂરના પ્રદેશોમાં શા માટે સ્થળાંતર કરે છે ?

(A) ઈંડા મુકવા
(B) ખોરાકની અપ્રાપ્યતા
(C) વસતી ગીચતા
(D) પ્રકૃતિગત

(57) ટેસ્ટ્યુબ બેબી માટે કયુ વિધાન અયોગ્ય છે ?

(A) ટેસ્ટટ્યુબમાં ફલન થવું
(B) માતાના શરીરમાં ફલન ન થાય ત્યારે ઉપયોગી
(C) ટેસ્ટટ્યુબમાં બાળકનો વિકાસ અને જન્મ થવો
(D) ટેસ્ટટ્યુબમાં વિકસેલ યુગ્મનજને માતાના ગર્ભાશયમાં સ્થાપિત કરવું

(58) કયા સજીવમાં અંતઃફલન જોવા મળે છે ?

(A) મરઘી
(B) દેડકા
(C) માછલી
(D) પતંગિયા

(59) આમળા, આંબલી તથા કાચીકેરીની જાળવણી શાના દ્વારા કરવામાં આવે છે ?

(A) મીઠું
(B) તેલ
(C) વિનેગાર
(D) શર્કરા



Scanned with OKEN Scanner

(60) લોખંડના બનેલા પુલને કાટ લાગવાથી બચાવવા લોખંડ પર શાનું આવરણ ચઢાવવામાં આવે છે ?

(A) કોપર (B) એલ્યુમિનિયમ

(C) સિલ્વર (D) ઝિંક

(61) $5a \times (-4\ abc) = \ldots\ldots\ldots\ldots\ldots\ldots$

(A) $-20\ a^2\ bc$ (B) $20\ a^2\ bc$

(C) $-20\ abc$ (D) $9\ abc$

(62) 16 સે.મી. અને 30 સે.મી. લંબાઈના વિકર્ણ ધરાવતા સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 480 સે.મી.$^2$ (B) 240 સે.મી.$^2$

(C) 92 સે.મી.$^2$ (D) 46 સે.મી.$^2$

(63) 2 સે.મી. લંબાઈની બાજુ ધરાવતા ઘનનું પાર્શ્વ પૃષ્ઠફળ કેટલું થાય ?

(A) 24 સે.મી.$^2$ (B) 16 સે.મી.$^2$

(C) 8 સે.મી.$^2$ (D) 4 સે.મી.$^2$

(64) 0.0000000521 ને પ્રમાણિત સ્વરૂપે કેવી રીતે લખાય ?

(A) $521 \times 10^{5}$ (B) $521 \times 10^{-6}$

(C) $5.21 \times 10^{7}$ (D) $5.21 \times 10^{-8}$

(65) એક બરણીમાં રહેલી બધી ચૉકલેટ 28 બાળકો વચ્ચે વહેંચતા દરેકને 5 ચૉકલેટ મળે છે. (બરણીમાં એક પણ ચૉકલેટ વધતી નથી). જો બાળકોની સંખ્યામાં 8 નો ઘટાડો થાય તો દરેક બાળકને કેટલી ચૉકલેટ મળશે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8

(66) $25\,x^4 y^3 \div 50\,xy^3$ નો જવાબ કેટલો આવે ?

(A) $25\,xy$ (B) $2\,x^2 y$


(C) $\frac{1}{2}x^3$ (D) $\frac{1}{2}x^3 y$

(67) $3t = 2t + 18$ નો ઉકેલ મેળવો.

(A) $t = 2$ (B) $t = -4$

(C) $t = 15$ (D) $t = 18$

(68) ચિત્ર આલેખમાં □ = 300 બલ્બ દર્શાવે છે, તો નીચે દર્શાવેલ સંકેતો કેટલા બલ્બ દર્શાવે છે ?



(A) 2550 (B) 1650 (C) 1550 (D) 1500



Scanned with OKEN Scanner

(69) સારી રીતે ચીપેલાં ગંજીપાના 52 પાનામાંથી યાદચ્છિક રીતે એક પાનું ખેંચતા બાદશાહ નીકળવાની સંભાવના કેટલી ?


(A) $\frac{1}{13}$
(B) $\frac{1}{26}$
(C) $\frac{1}{39}$
(D) $\frac{1}{52}$

(70) કિંમત શોધો.

$$\left(\frac{-3}{7}\right)\times\frac{15}{21}\times\left(\frac{-4}{5}\right)\times\frac{14}{9}$$

(A) $\frac{8}{21}$
(B) $\frac{7}{21}$
(C) $\frac{5}{21}$
(D) $\frac{3}{21}$

(71) સમાંતર બાજુ ચતુષ્કોણ PQ RS માં $\angle P$ નું માપ કેટલું થાય ?




(A) $90^0$
(B) $100^0$
(C) $110^0$
(D) $120^0$

(72) ઉકેલ શોધો : $3(2x-2)=4x-3(x-5)$

(A) $\frac{8}{21}$
(B) $\frac{5}{21}$
(C) $\frac{4}{21}$
(D) $\frac{2}{21}$

(73) કઈ સંખ્યા પૂર્ણવર્ગ નથી ?

(A) 389
(B) 441
(C) 576
(D) 625

(74) $\sqrt[3]{1728}$ = ..................

(A) 8
(B) 12
(C) 14
(D) 16

(75) $16p^2q^2 - 9$ ના અવયવો કયા છે ?

(A) $(4pq - 3)(4pq + 3)$
(B) $(4p - 3)(4q + 3)$
(C) $(4pq - 3)(4pq - 3)$
(D) $(4pq + 3)(4pq + 3)$

(76) દૂધની ફેક્ટરીમાં એક યંત્ર 6 કલાકમાં 840 પાઉચ તૈયાર કરે છે તો આ યંત્ર 5 કલાકમાં કેટલા પાઉચ તૈયાર કરશે ?

(A) 725
(B) 720
(C) 715
(D) 700

(77) એક લંબઘનની લંબાઈ $P^2q$, પહોળાઈ $Pq^2$ અને ઊંચાઈ $P^2q^2R$ છે તો તેનું ઘનફળ શોધો.

(A) $P^5q^4R^2$
(B) $P^4q^5R$
(C) $P^5q^5R$
(D) $P^4q^4R^2$

(78) સુક્ષ્મા દર મહિને તેના પગારમાંથી 75 % રકમ ઘર ખર્ચ કરે છે, ત્યારબાદ તેની પાસે રૂા. 8000 જમા રહે છે તો તેણીનો પગાર કેટલો હશે ?

(A) રૂા. 32,000
(B) રૂા. 36,000
(C) રૂા. 38,000
(D) રૂા. 40,000

(79) 71 નો વર્ગ = ................

(A) 5041
(B) 4841
(C) 4641
(D) 4541

(80) વર્ષ 2023 અને 2024 માં લેવાયેલ CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં કરેલ દેખાવની માહિતી એક સાથે દર્શાવવા કયો આલેખ સૌથી યોગ્ય રહેશે ?

(A) વર્તુળ આલેખ
(B) દ્વિલંબ આલેખ
(C) લંબ આલેખ
(D) ચિત્ર આલેખ

- નીચેનો ફકરો વાંચી પ્રશ્ન ક્રમાંક 81 થી 85 ના જવાબ લખો.

આપણા વિદ્યાર્થીઓને પોતાના સ્તર મુજબની વાર્તાઓ સાંભળવાનો અને ગીતો ગાવાનો મોકો ઓછો મળે છે. આઠમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને 'ચકા ચકીની વાર્તા' કહીએ તો એ મજાક બની જાય. આઠમાં ધોરણના વિદ્યાર્થીઓ હવે કિશોરો છે. કિશોરોને આકર્ષી શકે એવી કિશોરકથાઓ આપણે વાંચવી જોઈએ અને કહેવી જોઈએ. આપણાં પુસ્તકાલયોમાં વાર્તાના કબાટમાં નજર કરજો, ક્યાંક ખૂણે ખાંચરે કિશોરકથાઓ પણ પડી હશે. એ સાહસકથાઓ સંઘરીને બેઠેલાં પુસ્તકો એના વાચકની રાહ જોતાં બેઠાં છે. આઠમાંના વિદ્યાર્થીઓને એકવાર કિશોરકથાઓ સુધી પહોંચાડો, પછી એ ફરિયાદ નહીં રહે કે વિદ્યાર્થીઓ ઈતર વાચન ઓછું કરે છે ! જેવું વાર્તાનું એવું જ ગીતોનું પણ હોય



Scanned with OKEN Scanner

છે. આઠમાં ધોરણના વિદ્યાર્થીઓ પાસે ઢીંગલીનાં ગીતોનો અભિનય કરાવીએ છીએ ત્યારે આપણે એ કિશોરોને અન્યાય કરીએ છીએ. વીરતા અને પરાક્રમનાં ગીતો ગવડાવીએ તો એમને ગમશે જ. એ ગીતો એમના સ્તરનાં છે, જેમ ઢીંગલીનાં ગીતોમાં નાનાં બાળકો રસતરબોળ બની જાય છે એમ શૌર્યગીતમાં આ કિશોર મગ્ન બની જશે. એ ગીતોનો અર્થ આપણે સમજાવવો નહિ પડે, ગમતાં ગીતોનો અર્થ એ પકડી લેશે. આપણે એ યાદ રાખવું જોઈએ કે ઉંમરના દરેક તબક્કાને એના ગમા-અણગમા હોય છે. નાનપણમાં ઢીંગલી સાથે રમતાં બાળકો મોટાં થાય ત્યારે ઢીંગલી નથી રમતાં, એમનાં રમકડાં અને રમતો બદલાય છે. એ જ રીતે એમની વાર્તાઓ અને ગીતો પણ બદલાય છે. આવો, આપણાં બાળકોને એમના સ્તર મુજબનું બૌદ્ધિક ભાથું પીરસીએ.

(81) આ ફકરો કોના માટે લખવામાં આવ્યો છે ?

(A) આઠમાં ધોરણના વિદ્યાર્થીઓ માટે

(B) આઠમાં ધોરણના શિક્ષકો માટે

(C) આઠમાં ધોરણના વિદ્યાર્થીઓના વાલીઓ માટે

(D) પુસ્તકાલયનું સંચાલન કરનાર માટે

(82) લેખકને શું નહિ ગમતું હોય ?

(A) નાનાં બાળકો ઢીંગલીથી રમે છે તે

(B) કિશોરો પશુ-પંખીની બાલવાર્તા સાંભળે તે

(C) કિશોરો શૌર્ય ગીત ગાય છે તે

(D) કિશોરો સાહસકથાઓ વાંચે તે

(83) આ ફકરાનો મુખ્ય ઉદ્દેશ શો છે ?

(A) દરેક વિદ્યાર્થીને તેની ઉંમર મુજબની શ્રવણ અને વાચનની સામગ્રી મળવી જોઈએ.

(B) દરેક વિદ્યાર્થીને પુસ્તકાલયનો પરિચય કરાવવો જોઈએ.

(C) દરેક વિદ્યાર્થીને વાર્તાઓ વંચાવવી અને સંભળાવવી જોઈએ.

(D) દરેક પુસ્તકાલયમાં વાર્તાઓ અને ગીતોનાં પુસ્તકો રાખવાં જોઈએ.

(84) આ ફકરા પરથી લેખકના મત મુજબ શું સાચું છે ?

(A) આઠમાં ધોરણના વિદ્યાર્થીઓને અભિનય ગીત ન કરાવવાં જોઈએ.

(B) આઠમાં ધોરણના વિદ્યાર્થીઓને વાર્તાઓ ઓછી કહેવી જોઈએ.

(C) આઠમાંના વિદ્યાર્થીઓને પરાક્રમવાળી વાર્તાઓ કહેવી જોઈએ.

(D) આઠમાં ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષકે નિયમિત પુસ્તકો વાંચવા આપવા જોઈએ.

(85) આ ફકરામાં પુસ્તકાલય અંગે નીચેના પૈકી શું સાચું છે ?

(A) પુસ્તકાલયમાં કિશોરકથાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

(B) પુસ્તકાલયમાં ગીતોનાં પુસ્તકો ખૂબ ઓછાં છે.

(C) પુસ્તકાલયમાં કિશોરો માટેની વાર્તાઓનાં પુસ્તકો ઓછાં છે.

(D) નાનાં બાળકો માટે ગીતોનાં વધુ પડતાં પુસ્તકો ઉપલબ્ધ છે.



Scanned with OKEN Scanner

(86) નીચેના વાક્યોમાં 'કર્તરિપ્રયોગ' વાળું કયું વાક્ય છે ?

(A) મહાનલ તરફથી એક ચિનગારી અપાઈ.
(B) તેણે મોટેથી બૂમ પાડી.
(C) તેનાથી એકદમ રસ્તા તરફ દોડાયું.
(D) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.

(87) સમાનાર્થી શબ્દોની કઈ જોડ ખોટી છે ?

(A) ગદબ = રજકો
(B) લક્ષ્ય = ધ્યાન
(C) ડોરણું = બટન
(D) ઝાંવાં = મથામણ

(88) 'વાટકીનું શિરામણ હોવું' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) મરણ પામવાની તૈયારી હોવી
(B) ઉદાર દિલના હોવું
(C) ખૂબ પૈસા હોવા
(D) ઓછી આવકવાળું હોવું

(89) સંધિવિગ્રહની સાચી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) દિગંત = દિક્ + અંત
(B) સિન્ધૂર્મિ = સિન્ધુ + ઉર્મિ
(C) પુત્રૈષણા = પુત્ર + ઐષણા
(D) સદૈવ = સદા + ઐવ

(90) 'સંપૂર્ણ દ્વિરુક્તિવાળો પ્રયોગ' થયો હોય તેવો કયો શબ્દ છે ?

(A) તોડફોડ
(B) માંડમાંડ
(C) રાતોરાત
(D) સાફસૂફ

(91) નીચેનામાંથી કયા વર્ણો અનુનાસિક છે ?

(A) ગ, ચ, છ
(B) ટ, ત, પ
(C) ણ, મ, ન
(D) થ, દ, ધ

(92) કયો વિકલ્પ રૂપક અલંકાર દર્શાવે છે ?

(A) ઈશ્વર જગતનો તાત છે.
(B) ઈશ્વર માળી જેવો છે.
(C) ઈશ્વર જાણે બગીચાનો માળી
(D) ઈશ્વર આપણી આસપાસ છે.

(93) નીચેનામાંથી કયો શબ્દ દ્વિરુક્ત છે ?

(A) ખટખટ
(B) ચડતીપડતી
(C) ટપટપ
(D) સરસર

(94) 'ઘેરૈયા' શબ્દ કયા તહેવાર સાથે સંકળાયેલ છે ?

(A) નવરાત્રી
(B) ધૂળેટી
(C) દિવાળી
(D) ઉત્તરાયણ



Scanned with OKEN Scanner

(95) જુમા ભિસ્તીના પાડાનું નામ .................. હતું.

(A) મોતી (B) વેણુ

(C) ધેનુ (D) રાજુ

(96) कौन-सा वाक्य 'भूतकाल' को सूचित करता है ?

(A) मेरा उपवास चल रहा है। (B) मुझे उपवास करने की इच्छा है।

(C) मेरा उपवास है। (D) मैंने उपवास किया।

(97) इनमें से कौन-सा शब्द बहुवचन नहीं है ?

(A) अध्यापक (B) गुरूजन

(C) कविगण (D) शिक्षकवर्ग

(98) शब्दकोष के क्रम के आधार से कौन-सा विकल्प सही है ?

(A) इन्सान, उदास, बंदी, मंदिर (B) उदास, इन्सान, मंदिर, बंदी

(C) मंदिर, बंदी, इन्सान, उदास (D) बंदी, मंदिर, उदास, इन्सान

(99) 'बेड़ा पार लगाना' मुहावरा का सही अर्थ क्या है ?

(A) पानी भर लाना (B) नंदी के उस पार जाना

(C) संकट से बचाना (D) तट पर बैठना

(100) 'विद्वान' शब्द का स्त्रीलिंग करने से कौन-सा विकल्प सही बनता है ?

(A) विदुज्ञी (B) विदुषी

(C) बुद्धिमानी (D) विद्वसेनी

(101) Arrange the right sequence :

(1) She comes back in the evening.

(2) There was no entry fee.

(3) Meena visited a fair.

(4) She buys many toys.

(A) 3, 2, 4, 1 (B) 1, 2, 3, 4

(C) 4, 1, 2, 3 (D) 2, 3, 4, 1

(102) Which word means 'energy' ?

(A) Heavy (B) Weight

(C) Electricity (D) Power



Scanned with OKEN Scanner

(103) ............................ is the birthdate of Mahatma gandhi ?

(A) Where
(B) When
(C) Who
(D) What

(104) Choose the correct option.

(A) dacoit – ધાડપાડુ
(B) curtain – ઘાતકી
(C) demand – દિશા
(D) dirt – સીધું

(105) Select the correct spelling.

(A) Sacsessful
(B) Successful
(C) Succissful
(D) Suckcesful

(106) સનદી સેવાઓ : કોર્નવોલિસ :: ન્યાયતંત્ર : .................. ?

(A) વૉરન હેસ્ટિંગ્સ
(B) વેલેસ્લી
(C) રોબર્ટ ક્લાઇવ
(D) થોમસ મૂનરો

(107) 'સરકાર આપણી માંગણી ન સ્વીકારે તો આપણે મહેસુલ ભરવાનું નથી.' ગાંધીજી દ્વારા કહેવાયેલ આ વાક્ય કયા સત્યાગ્રહ સાથે સંબંધિત છે ?

(A) ચંપારણ સત્યાગ્રહ
(B) ખેડા સત્યાગ્રહ
(C) બોરસદ સત્યાગ્રહ
(D) બારડોલી સત્યાગ્રહ

(108) લાક્ષણિકતાની દૃષ્ટિએ કયું ખનિજ અલગ પડે છે ?

(A) સોનુ
(B) લોખંડ
(C) જિપ્સમ
(D) જસત

(109) નીચે પૈકી કઈ બાબત બાજરીના પાક માટે અનુકૂળ નથી ?

(A) ઓછો વરસાદ
(B) મધ્યમ તાપમાન
(C) પૂરતો સૂર્યપ્રકાશ
(D) કાળી જમીન

(110) કોઈ પણ નાગરિકને પોતાની ભાષા, બોલી, પ્રણાલિકાઓ જાળવી રાખવાની સ્વતંત્રતા કયા હક દ્વારા મળે છે ?

(A) સમાનતાનો હક
(B) સ્વતંત્રતાનો હક
(C) ધાર્મિક સ્વતંત્રાનો હક
(D) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

(111) આપણા દેશનો કાયદો ઘડવાની પદ્ધતિઓ કયા દેશની સંસદના મૉડેલ આધારે વિકસેલી છે ?

(A) જાપાન
(B) બ્રિટન
(C) ફ્રાન્સ
(D) ચીન



Scanned with OKEN Scanner

(112) પોર્ટુગીઝ પ્રજાએ ભારતમાં મેળવેલ વેપારી સંસ્થાનોને સમયકાળ મુજબ ક્રમિક રીતે ગોઠવો.

(A) ગોવા, દીવ, દમણ, વસઈ

(B) ગોવા, વસઈ, દીવ, દમણ

(C) દીવ, દમણ, ગોવા, વસઈ

(D) વસઈ, દીવ, દમણ, ગોવા

(113) અંગ્રેજોના શાસનમાં થયેલા આદિવાસી બળવાઓને સમયરેખામાં ગોઠવતા કયો ક્રમ સાચો છે ?

(A) સંથાલ, કોલ, બસીર, વારલી

(B) બસીર, સંથાલ, કોલ, વારલી

(C) કોલ, સંથાલ, બસીર, વારલી

(D) સંથાલ, બસીર, કોલ, વારલી

(114) તમારો મિત્ર ખેતી કરવા ઇચ્છે છે પરંતુ તે ખેતીની ક્રિયાઓના ક્રમ વિષે મુંજવણ અનુભવે છે, તેને ખેતીની ક્રિયાઓનો યોગ્ય ક્રમ ઓળખવા તેને મદદ કરો.

(A) ખેડવું, નીંદણ, સિંચાઈ, વાવણી, લણણી

(B) ખેડવું, વાવણી, સિંચાઈ, નીંદણ, લણણી

(C) લણણી, નીંદણ, ખેડવું, વાવણી, સિંચાઈ

(D) ખેડવું, વાવણી, લણણી, સિંચાઈ, નીંદણ

(115) ખનીજોના વર્ગીકરણમાં પેટ્રોલિયમ કેવા પ્રકારનું ખનીજ છે ?

(A) ધાતુમય ખનીજ છે

(B) અધાતુમય ખનીજ છે

(C) ખનીજ નથી

(D) ધાતુ અને અધાતુમય બંને પ્રકારનું ખનીજ છે

(116) નીચેના વિધાનોની સત્યતા જણાવો.

વિધાન 1 : લોકસભાની કુલ 595 બેઠકો છે.

વિધાન 2 : ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો છે.

વિધાન 3 : લોકસભાની બેઠકો રાજ્યની વસ્તીના આધારે નક્કી થાય છે.

વિધાન 4 : લોકસભાને હાઉસ ઓફ પીપલ્સ તરીકે ઓળખવામાં આવે છે.

(A) તમામ વિધાનો ખોટા છે.

(B) તમામ વિધાનો સાચા છે.

(C) વિધાન 1 અને 2 સાચા છે.

(D) વિધાન 3 અને 4 સાચા છે.



Scanned with OKEN Scanner

(117) વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ કયાં દેશનું છે ?

(A) અમેરિકા (B) ઇંગ્લેન્ડ

(C) જાપાન (D) ભારત

(118) યુરોપના ગ્રીનલેન્ડમાંથી પ્રાપ્ત થતું ક્રાયોલાઇટ ખનિજ કયા પ્રકારના સંસાધનનું પ્રતિનિધિત્વ કરે છે ?

(A) સર્વ સુલભ સંસાધન

(B) એકલ સંસાધન

(C) વિરલ સંસાધન

(D) સામાન્ય સુલભ સંસાધન

(119) ઇલેક્ટ્રોનિક સાધનો, રંગ-રસાયણ, યંત્રો વગેરે જેવા ઉદ્યોગો જેમાં 10 કરોડથી ઓછું મૂડી રોકાણ કરવામાં આવ્યું હોય. આવા ઉદ્યોગનો સમાવેશ કયા ઉદ્યોગમાં થાય છે ?

(A) નાના કદના ઉદ્યોગો

(B) ટચૂકડા ઉદ્યોગો

(C) મધ્યમ કદના ઉદ્યોગો

(D) મોટા કદના ઉદ્યોગો

(120) રાજ્યસભાના સભ્ય થવા માટેની ઉંમર સંદર્ભે નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

(B) ઉંમર 20 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

(C) ઉંમર 35 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

(D) ઉંમર 30 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

◆◆◆



Scanned with OKEN Scanner